### તા.૩જીએ રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુના હસ્તે

# ગાંધીનગર સિવિલ ખાતે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ટ્રોમા સેન્ટર અને રેન બસેરાનું ખાતમુહૂર્ત કરાશે

**રૂ.૩૭૩ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવી ૬૦૦ બેડની સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ ખાતે ૨૫૫ બેડનાં ટ્રોમા સેન્ટરની સુવિધા રહેશે : રેન બસેરા ખાતે દર્દીઓના સગાઓ માટે ૪૪૮ બેડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે**

ગાંધીનગર, તા.૧

જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ, ગાંધીનગરમાં દેશના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મૂર્મુજીના હસ્તે આગામી તા. ૩જી ઓક્ટોબરના રોજ ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે મંજૂરી મળતા નવી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ, ટ્રોમા સેન્ટર અને રેન બસેરાના બિલ્ડીંગનું આશરે રૂ.૩૭૩ કરોડના ખર્ચે નિર્માણ થનાર છે. નવી ૬૦૦ બેડની સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ ખાતે ૨૫૫ બેડનાં ટ્રોમા સેન્ટરની સુવિધા રહેશે. એટલું જ નહિ, રેન બસેરા ખાતે દર્દીઓના સગાઓ માટે ૪૪૮ બેડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ ખાતે કાર્ડીઓલોજી વિભાગમાં કેથલેબ કે જેમાં એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી જેવી હાર્ટ પ્રોસીજર્સ કરવામાં આવશે તેમજ અદ્યતન મોડ્યૂલર કાર્ડિયાક ઓપેરશન થિએટર અને આઈ.સી.યુ જેમાં હૃદયને લગતી તમામ બીમારીઓનું નિદાન અને સારવાર પુરી પાડવામાં આવશે. કિડની સંબંધિત બીમારી માટે નેફ્રોલોજી વોર્ડ, યુરોલોજી વોર્ડ અને હિમો ડાયાલીસીસ વોર્ડ બનાવવામાં આવશે. તેમાં કિડનીને લગતી તમામ પ્રકારની બીમારીઓનું નિદાન તેમજ સારવાર પુરી પાડવામાં આવશે. તે ઉપરાંત બર્ન્સ વિભાગમાં પ્લાસ્ટિક રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી જેવી ઉચ્ચ કક્ષાની સુવિધા આપવામાં આવશે.

રેન બસેરામાં હોસ્પિટલમાં દાખલ કરેલા તમામ દર્દીઓના સગાઓ માટે રહેવા તથા જમવાની પુરતી સગવડ માટેનું સેન્ટર ઉભુ કરવામાં આવશે. આ હોસ્પિટલ વેન્ટીલેટેડ, નેચરલ કુલીંગ, પુરતા પ્રમાણમાં નેચરલ લાઈટીંગ વાળી બનાવવામાં આવનાર છે.



આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાનું પાવન પર્વ નવરાત્રી ચાલી રહ્યું છે. આ સમયે ગાંધીનગરના સેક્ટર-૨૪માં શ્રીનગર સોસાયટીના સનેડો નવરાત્રી ગૃપના ૧૦થી ૧૫ વર્ષના બાળકો દ્વારા દર વર્ષની જેમ ગબ્બર બનાવીને પોતાની આસ્થા અને ભક્તિની પ્રદર્શિત કરી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવરાત્રીમાં ગબ્બર બનાવવાની પ્રવૃતિ બાળકોમાં સર્જનાત્મકતા સાથે ધાર્મિકતાના પાઠ શીખવતી પાઠશાળા સમાન હોય છે.

## આવક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોસાયટી નજીક આવેલા ૨,૭૨૯ ચોરસ મીટરના પ્લોટમાં પ્રતિ ચોરસ મીટરની તળિયાની કિંમત ૪૦,૯૦૦ નિયત કરાઈ હોવાથી આ પ્લોટની કુલ કિંમત ૧૧,૧૬,૧૬,૧૦૦ થવા જાય છે. તેની સામે હરાજીમાં ૧૪,૩૨,૭૨,૫૦૦ની આવક થતાં પ્રતિ મીટરનો રૂપિયા ૫૨,૫૦૦નો ભાવ મળ્યો છે ૯ જેટલા ખરીદારો વચ્ચે ભાવ બોલાયા હતા જયારે ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૭ના સરગાસણ વિસ્તારમાં નેનો સિટી નજીક આવેલા ૨,૧૩૬ ચોરસ મીટરના પ્લોટમાં પ્રતિ ચોરસ મીટરની તળિયાની કિંમત ૫૧ હજાર નિયત કરવામાં આવી હોવાથી તેની કુલ કિંમત ૧૦,૮૯,૩૬,૦૦૦ થાય છે જો કે આ મામલે કોઈએ રસ દાખવ્યો ન હતો

## નોંધણી થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભાર્થીઓ માટે રૂ ૧૦૦ ના સ્ટેમ્પ પર દસ્તાવેજની નોંધણી કરી શકાશે. જયારે આ લાભાર્થીઓને ભરવાની થતી સ્ટેમ્પ ડયુટીની રકમ સરકારે ભોગવવાની રહેશે. જો કે દસ્તાવેજ કરી દેવાયા હોય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળશે નહીં જયારે હવે દસ્તાવેજની પ્રક્રીયા અન્વયે લાભાર્થીઓને આ યોજનાથી ફાયદો થશે. ઈ ડબલ્યુ એસ અને એલ આઈ જી આવાસોની કીંમત અંદાજિત ૬ લાખ રૂપિયા જેટલી થાય છે. જયારે જેમાં આવાસના સ્ટેમ્પ ડયુટીની રકમ રૂ ૩૫૪૦૦ જેટલી થાય છે. આ ઉપરાંત રૂ ૭ લાખની કીંમતન એલ આઈ જી કક્ષાના આવાસમાં પણ સ્ટેમ્પ ડ્યુટીની રકમ રૂ ૪૧૩૦૦ જેટલી ભરવાની થાય છે. જયારે ગુડાના આ નિર્ણય બાદ બન્ને કક્ષાના આવાસમાં લાભાર્થીઓને માત્ર રૂ ૧૦૦ કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર જ દસ્તાવેજની જરૂરી પ્રક્રીયા પુર્ણ થઈ જશે.

## આયોજન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં દાયકાઓ જુના સરકારી આવાસોની છત સલામત ન હોવાનુ સ્પષ્ટ થતા જુના અને કંગાળ મકાનો તોડવાનુ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવ્યુ છે. નગરમાં હાલની સ્થિતિએ અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી છે. જયારે વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે પણ તંત્ર દ્વારા તબક્કાવાર દરખાસ્ત કરવામાં આવી રહી છે. સેકટરોમાં જુના અને જોખમી આવાસો તોડવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી થતા નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં નવા સરકારી આવાસો બાંધવા માટે સરકારે રૂ ૩૧૫ કરોડના ખર્ચેને મંજુરી આપી છે.

જયારે આ અન્વયે નવા આવાસો બાંધવા માટે ખુલ્લી જગ્યાનો સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જયારે નવા આવાસો માટે લાંબા સમયથી સાઈટ પણ પસંદ કરવામાં આવતી ન હતી જો કે આ મામલે વિચારણા અને અભ્યાસના અંતે સે-૨૨ તેમજ સે-૨૯ અગર સે-૩૦ માં નવા આવાસોનુ નિર્માણ કરવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. જેમાં સે-૨૨ માં ચ કક્ષાના ૪૪૮ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં જ કક્ષાના ૯૫૨ મકાનો બાંધવામાં આવશે. નવા આવાસોના નિર્માણ મામલે આમ તો સ્થળ નિયત કરી દેવાયુ છે. પરંતુ હજુ આખરી નિર્ણય લેવાનો બાકી છે. નવા ટાવરો બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે આગામી બે મહીનામાં નવા મકાનો બાંધવા માટેની કાર્યયોજના પણ શરૂ કરી દેવાશે.

## સર્વિસ લોન્ચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સર્વિસ સીમલેસ કવરેજ, હાઈ ડેટા રેટ આપશે. દેશના ૩ દિગ્ગજ ટેલિકોમ ઓપરેટર્સે ભારતમાં ૫જી ટેક્નોલોજીની ક્ષમતા દેખાડવા માટે વડાપ્રધાન સમક્ષ એક-એક યુઝ કેસ પણ રજૂ કર્યા હતા. તેમણે એરટેલ, જિયો અને વીઆઈ કંપનીઓના સ્ટોલની વિઝિટ કરી હતી અને નવી ટેક્નોલોજીનો ડેમો લીધો હતો. તેમણે મેડિકલ ક્ષેત્રે ૫Gના કારણે શું સુવિધાઓ મળશે તેની માહિતી મેળવી હતી અને કઈ રીતે ડિફેન્સ અને કૃષિ સેક્ટરમાં ૫Gબાદ પરિવર્તન આવશે તેનો ડેમો મેળવ્યો હતો. વડાપ્રધાને જિયો ગ્લાસ પહેરીને પોતે અનુભવ મેળવ્યો હતો અને યુવા જિયો એન્જિનિયર્સની ટીમે તેમને એન્ડ-ટુ-એન્ડ ૫જી ટેક્નોલોજીના સ્વદેશી વિકાસ વિશે માહિતી આપી હતી. પહેલા તબક્કામાં ૧૩ શહેરોમાં ૫જી સેવાઓ શરૂ થઈ છે અને ટૂંક સમયમાં જ તેનો વિસ્તાર કરવામાં આવશે. આ ૧૩ શહેરોમાં અમદાવાદ, બેંગલુરૂ, ચંદીગઢ, ગાંધીનગર, ગુરૂગ્રામ, હૈદરાબાદ, જામનગર, કોલકાતા, ચેન્નાઈ, લખનૌ, પુણે, દિલ્હી અને મુંબઈનો સમાવેશ થાય છે.

# શોપ ઓનર્સના પ્રશ્નનું નિરાકરણ નહીં આવે તો ગાંધી જયંતિથી અનાજ વિતરણ બંધ કરશે

**કમિશન વધારવાથી માંડીને અન્ય પડતર પ્રશ્નો અંગે બે વર્ષથી માંગ : સરકારને અલ્ટીમેટમ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ફેરપ્રાઈઝ શોપ ઓનર્સ એસોસિએશન દ્વારા પોષણક્ષમ વળતર માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. છેલ્લાં આશરે બે વર્ષથી પડતર પ્રશ્નોનું નિરાકરણ ના આવતા એસોસિએશન દ્વારા આગામી તા. ૨જી ઓક્ટોબર ગાંધી જયંતિના દિવસથી જાહેર વિતરણ વ્યવસ્થામાં જથ્થાના વિતરણથી તેઓ અચોક્કસ મુદત સુધી અળગા રહેશે અને જાહેર વિતરણ વ્યવસ્થા ખોરંભે ચઢશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે. આ આવેદનપત્રને તાલુકા એસોસિએશન દ્વારા પણ સમર્થન આપવામાં આવ્યું છે.

ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન અને ગુજરાત રાજ્ય ફેર પ્રાઈઝ શોપ એન્ડ કેરોશીન લાયસન્સ હોલ્ડર એસોસિએશન દ્વારા બે વર્ષથી ગુજરાત સરકાર સમક્ષ તેમના વિવિધ મુદ્દાઓ જેવા કે પોષણક્ષમ દુકાન માટે મીનીમમ ફિક્સ વેતન વિથ ફિક્સ કમિશનર, તોલાટ અને ઓપરેટર માટે નિયત રકમ, દુકાનભાડાની જોગવાઈ, વિતરણ ઘટ, ઓનલાઈન અને બાયોમેટ્રિક વ્યવહારો માટે ઈન્સેન્ટિવમાં વધારો ગ્રામ્ય વિસ્તારમાં મફત પ્લોટ યોજના, શહેરી વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસ યોજનામાં બનતી દુકાનોમાં પ્રાયોરિટી આપી દુકાન ફાળવણી, ઈ-પીઓએસના અમલ, હયાતીમાં નોમીનેશન, ત્રીસ દિવસની સાયકલ રાખવા સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મધ્યાહન ભોજન યોજના અને આંગણવાડીનું બાકી કમીશનર ચુકવવા, ઈન્વેન્ટરી એકાઉન્ટ બનાવવા અને અન્ય રીફંડ પણ તાત્કાલિક ચુકવવા માંગ કરવામાં આવી છે. જો આ પડતર પ્રશ્નોનું સત્વરે નિરાકરણ નહીં આવે તો આગામી ગાંધી જયંતિથી શોપ ઓનર્સ જથ્થા વિતરણથી અચોક્કસ મુદત માટે અળગા રહેશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

## સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગર ગગડ્યુ

ગાંધીનગર, તા. ૧

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૨માં ગાંધીનગર મનપાની ભારે પીછેહઠ થઈ છે. ટોચના સ્થાનમાંથી ગાંધીનગરને મોટી પછડાટ મળી છે.

સુરતે તેનો બીજો ક્રમ જાળવી રાખ્યો છે. ૧થી ૨૦ ક્રમાંકમાં સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટે સ્થાન મેળવ્યું છે. ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાનને પડેલા ફટકાને લઈ સત્તાધીશોએ પણ હાલ તો મૌન સેવી લીધું છે. ગાંધીનગર શહેરને થયેલ પછડાટથી તંત્રએ પણ આંચકો અનુભવ્યો છે.

# કોર્પોરેશન દ્વારા ઝુંડાલમાં સેવાસેતુનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મનપા દ્વારા આજે સેવાસેતુનું ઝુંડાલ ખાતે આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૨૮૫ જેટલા અરજદારોની અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર મનપા દ્વારા આજે યોજાયેલ સેવાસેતુના કાર્યક્રમમાં પદાધિકારીઓએ હાજરી આપી હતી. આજના આ સેવાસેતુમાં આરોગ્યની પ્રાથમિક તપાસના કેસ સૌથી વધુ નોંધાયા હતા. ૧૫૧ જેટલા આવકના દાખલા, ૬૦ જેટલા આધારકાર્ડ, ૩૩ વ્યવસાય વેરાના અરજદારો અને ૩૦ જેટલા પ્રોપર્ટી ટેક્ષના બિલ ભર્યા હતા. આ વિસ્તાર વિકાસ પામી રહ્યો હોવાથી ૨૨ જેટલી અરજીઓ ઘરેલુ વીજ જોડાણ નવું મેળવવાની અરજીઓ પણ સકારાત્મક નિકાલ આ કાર્યક્રમમાં કરાયો હતો. ૨ ૩થી પણ વધુ પ્રકારની સેવાઓ માટે સેવાસેતુમાં અરજીઓ મળી હતી જેનો નિકાલ કરવામાં આવ્યો છે. સરકારે હવે જ્યાં સુધી નવી સૂચના ના મળે ત્યાં સુધી દર શનિવારે સેવાસેતુના કાર્યક્રમો ચાલુ રાખવાની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.





